**Water and Sanitation Management Organisation**
WASMO
3rd Floor, Jalsewa Bhawan, Sector 10 - A, Gandhinagar - 382 010
Tel.: 079 - 2324 7170 - 71, 2323 7075 • Fax: 2324 7485 • FCT No.: 99784 40746 - 47
Website: www.wasmo.org • E-mail: wasmo@wasmo.org

પત્રનં. વાસ્મો/પી.એમ.યુ./ટેકનીકલ/૦૮૧/૨૦૦૫/ 2801 /૨૦૧૯ તા..8 /૧૧/૨૦૧૯

# પરિપત્ર

**વિષય :- "વાસ્મો" સહાયીત ગ્રામ્ય પેયજળ યોજના અંતર્ગત ઉચીટાંકી( ESR)નો સમાવેશ કરવા બાબત**

**સંદર્ભ:- ૧) અત્રેની કચેરીના પરીપત્ર કમાંક નં :-વાસ્મો/પી.એમ.યુ./ટેકનીકલ/૦૮૧/૨૦૦૫/ ૨૦૧૭-૧૮/૦૩૬૬/૨૦૧૮ તા.૦૩/૦૨/૨૦૧૮**

**૨) તા.૦૨/૧૧/૨૦૧૯ની માન.અધ્યક્ષશ્રીની અધ્યક્ષતામાં સર્વે ઝોન તથા GWIL/WASMOની રીવ્યુ મીટીંગની કાર્યવાહી નોધ.**

'વાસ્મો' સહાયિત ગ્રામ્ય પેયજળ યોજના અંતર્ગત સંદર્ભ-૧ના પરિપત્ર દ્વારા જે ગામ/ફળીયા હાલની વસ્તી ૩૦૦૦સુધી હોય તેવા ગામ/ફળીયામાં કોઈપણ સંજોગોમા ઉચી ટાંકી(ESR)નો ગામની આંતરિક યેયજળ યોજના અંતર્ગત સમાવેશ ન કરવો અને ડાયરેકટ પંપીગ દ્વારા પાણી વિતરણ વ્યવસ્થા ગોઠવવી તેવું પરિપત્ર કરવામાં આવેલ

તા.૦૨/૧૧/૨૦૧૯ના રોજ માન.ચેરમેનશ્રીની અધ્યક્ષતામા રાજયકક્ષાની રીવ્યુ મીટીંગમાં ઝોનલ મુખ્ય ઈજનેરશ્રીઓ તથા ક્ષેત્રીય અધિકારીશ્રીઓ દ્વારા રજુઆત થયેલ કે વાસ્મોના ઉંચીટાંકી મંજુર કરવાની બાબતના ધારાધોરણમાં ફેરફાર કરવો જરૂરી જણાય છે.વારંમવાર લોકો તરફથી ગ્રામ્યકક્ષાએ ઉંચીટાંકીની માંગણીઓ આવતી હોય ઉચીટાંકી ના સંદર્ભ-૧ મુજબના પરિપત્રમાં સુધારો કરવો જરૂરી છે. સદર મીટીંગમા થયેલ ચર્ચા અન્વયે ગ્રામ્ય યેયજળ યોજના અંતર્ગત ઉચીટાંકીનો સમાવેશ કરવા નીચે મુજબ નિર્ણય કરવામાં આવે છે જેનો હવે પછી આ પરિપત્ર થયા તારીખથી અમલ કરવાનો રહેશે

- કોઈપણ ગામ જેવા કે જનરલ/ટ્રાયબલ/એસ.સી. ડોમીનેટેડ વગેરેની હાલની વસ્તી ૧૫૦૦ થી ૩૦૦૦ વચ્ચે હોય અને ગામની માંગણી હોય તો ૧૦% લોકફાળો ભર્યેથી નિયમાનુસાર ઉચીટાંકી(ESR)માં આપવાપાત્ર સ્ટોરેજ ક્ષમતા પ્રમાણે ઉચીટાંકી(ESR)નો યોજનામાં સમાવેશ કરવાનો રહેશે

- જો કોઈપણ ગામ જેવા કે જનરલ/ટ્રાયબલ/એસ.સી. ડોમીનેટેડ વગેરેની હાલની વસ્તી ૧૫૦૦ કરતા ઓછી હોય અને ગામની માંગણી ઉચીટાંકી(ESR) માટેની હોય તથા ગામ દ્વારા ૧૦% લોકફાળો ભરવા માટે સહમતિ આપેલ હોય તેવા કિસ્સામાં ઉચીટાંકીની સૈધ્ધાંતિક મંજુરી વાસ્મો વડી કચેરીએથી મેળવી અને ત્યાર બાદ યોજનામાં સમાવેશ કરવાનો રહેશે.

- જયારે ૩૦૦૦કે તેથી વધુ વસ્તી વાળા ગામ/ફળીયામાં સંદર્ભ(૧)ના પરિપત્રમાં આપેલ સુચના મુજબ ઉચીટાંકીની કામગીરીના અંદાજો યોજનામાં સમાવિષ્ટ કરવાના રહેશે.

આ પરિપત્રનો અમલ સદર પરિપત્રની તારીખથી કરવાનો રહેશે.

મુખ્ય કારોબારી અધિકારીશ્રીની ફાઈલ પર મળેલ મંજુરી અન્વયે

મુખ્ય ઈજનેર
વાસ્મો, ગાંધીનગર.

પ્રતિ,
યુનિટ મેનેજર
જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ
જિલ્લા:- તમામ

નકલ સ-વિનય રવાના પ્રતિ:-

- માન.ચેરમેનશ્રી,વાસ્મો ગાંધીનગર તરફ નમ્ર જાણ સારૂ
- માન.મુખ્ય કારોબારી અધિકારીશ્રી,વાસ્મો ગાંધીનગર તરફ નમ્ર જાણ સારૂ
- સભ્ય સચિવશ્રી,ગુ.પા.પુ અને ગ.વ્ય.બોર્ડ,ગાંધીનગર તરફ નમ્ર જાણ સારૂ

નકલ રવાના પ્રતિ:-

- મુખ્ય ઈજનેરશ્રી,મોનીટરીગ એન્ડ પ્લાનીગ, ગુ.પા.પુ અને ગ.વ્ય.બોર્ડ તરફ જાણ સારૂ
- મુખ્ય ઈજનેરશ્રી,ઝોન-૧,૨,૩,૪,૫, અને ૬ તરફ જાણ સારૂ
- અધિક્ષક ઈજનેરશ્રી ,જાહેર આરોગ્ય વર્તુળ- સર્વે તરફ જાણ સારૂ